નો-પાર્કિંગના બોર્ડ માત્ર 'શોભાના ગાંઠિયા'

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે ન્યાયમંદિરનો 'ચક્રવ્યૂહ', ટ્રાફિકની સમસ્યાથી જનતા ત્રસ્ત

રેલીંગ પણ બેઅસર, તંત્રની ઉદાસીનતા સામે સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ), વડોદરા. તા.13 એકબાજુ વડોદરાને સ્માર્ટ સિટી બનાવવાની ગુલબાંગો ફૂંકવામાં આવી રહી છે, તો બીજી તરફ શહેરના મધ્યમાં આવેલા ઐતિહાસિક ન્યાયમંદિર વિસ્તારની હાલત 'નરક' સમાન બની ગઈ છે. ન્યાયમંદિર વિસ્તાર હાલમાં ટ્રાફિકના એવા ચક્રવ્યૂહમાં ફસાયો છે કે જ્યાંથી પસાર થવું વાહનચાલકો માટે લોઢાના ચણા ચાવવા સમાન બની ગયું છે. તંત્ર દ્વારા લેવાયેલા છૂટાછવાયા નિર્ણયો માત્ર કાગળ પર જ સ્માર્ટ સાબિત થઈ રહ્યા હોય તેવું જણાય છે. થોડા મહિનાઓ અગાઉ વડોદરા મહાનગરપાલિકા દ્વારા જૂની ન્યાયમંદિર કોર્ટની ઈમારતની સુરક્ષા અને વ્યવસ્થા જળવાય તે હેતુથી તેની ચારેતરફ મજબૂત લોખંડની રેલીંગ લગાવવામાં આવી હતી. તંત્રનો ઉદ્દેશ્ય ફૂટપાથ અને આસપાસના રસ્તાઓને ખુલ્લા રાખવાનો હતો. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. આજે આ રેલીંગની આસપાસ જ આડેધડ પાર્કિંગનો અડિંગો જામ્યો છે, જેને કારણે રસ્તો સાંકડો થઈ ગયો છે. સમગ્ર વિસ્તારમાં ઠેર-ઠેર 'નો-પાર્કિંગ' ના બોર્ડ લગાવવામાં આવ્યા છે. પરંતુ આ બોર્ડ માત્ર 'શોભાના ગાંઠિયા' સમાન સાબિત થઈ રહ્યા છે. ટ્રાફિક પોલીસ કે પાલિકાના દબાણ શાખાની ગેરહાજરીનો લાભ ઉઠાવી વાહનચાલકો આડેધડ વાહનો પાર્ક કરી રહ્યા છે. શિસ્તના અભાવે પીક અવર્સમાં અહીંથી પસાર થવું અશક્ય બની જાય છે. ત્યારે લોકો કહી રહ્યાં છે કે અહીં રોજની સમસ્યા છે. રેલીંગ નાખી દેવાથી ટ્રાફિક હલ નથી થતો, અમલીકરણ જરૂરી છે.

તંત્રને માત્ર દંડ ઉઘરાવવામાં જ રસ છે, વ્યવસ્થા જાળવવામાં નહીં. સ્થાનિક રહીશો અને વેપારીઓ માગ કરી રહ્યા છે કે ન્યાયમંદિર જેવા ગીચ વિસ્તારમાં કાયમી ધોરણે ટ્રાફિક પોલીસની ટુકડી તૈનાત કરવામાં આવે. માત્ર રેલીંગ લગાવવાથી કે બોર્ડ મારવાથી સમસ્યા ઉકેલાશે નહીં, પરંતુ કડક હાથે દંડનીય કાર્યવાહી અને કાયમી ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાન અમલમાં મૂકવો અનિવાર્ય છે. શું પાલિકા કુંભકર્ણની નિદ્રામાંથી જાગશે કે પછી જનતા આ ચક્રવ્યૂહમાં પીસાતી રહેશે ? તે જોવાનું રહ્યું.

લાખો વિદ્યાર્થીઓના સપના પર પાણી ફરી વળે છે: NSUIનો આક્ષેપ

NEET પેપર લીક કાંડ : NSUIએ કલેક્ટર કચેરી ઘેરી, NTAને બરખાસ્તની માગણી

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 નીટ યુજી 2026 પેપર લીક મામલે વડોદરામાં વિદ્યાર્થીઓનો રોષ ફાટી નીકળ્યો છે. આ મુદ્દે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. એનટીએને તાત્કાલિક બરખાસ્ત કરવાની માંગ સાથે દોષીઓ સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.

તા. 3 મે 2026ના રોજ દેશભરમાં યોજાયેલી નીટ પરીક્ષા બાદ પેપર લીકના આક્ષેપો સામે આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ચિંતા ફેલાઈ છે. 24 લાખથી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે સવાલ ઉભા થયા છે. વડોદરા શહેરના એનએસયુઆઈના પ્રમુખ અમર વાઘેલા અને ગુજરાત પ્રદેશના સેક્રેટરી સુઝાન લાડમેડની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને વિદ્યાર્થીઓ કલેક્ટર

કચેરીએ પહોંચ્યા હતા. સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવી આવેદનપત્ર સુપરત કરાયું હતું. એનએસયુઆઈએ ગંભીર આક્ષેપ કર્યો કે, સરકાર અને પરીક્ષા સંચાલન એજન્સીની બેદરકારીના કારણે દર વર્ષે લાખો વિદ્યાર્થીઓના સપનાઓ પર પાણી ફરી વળે છે. અમર વાઘેલાએ જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલી એનટીએને વારંવાર મહત્વપૂર્ણ પરીક્ષાની જવાબદારી સોંપવાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખિલવાડ થઈ રહ્યો છે. એનટીએને તાત્કાલિક બરખાસ્ત કરવામાં આવે. સમગ્ર પેપર લીક કૌભાંડની નિષ્પક્ષ તપાસ કરી દોષીઓને કડક સજા થાય. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં બંધ થાય તેવી માંગણી કરવામાં આવી છે. સાથે જો વિદ્યાર્થીઓને ન્યાય નહીં મળે તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હાલ સીબીઆઈ દ્વારા પેપર લીકની તપાસ ચાલી રહી છે, જ્યારે એનટીએ એ 6 થી 8 દિવસમાં નવી પરીક્ષા તારીખ જાહેર કરવા જાહેરાત કરી હતી.

અધિકારીઓની ઓફિસમાં AC, ગ્રાહકો માટે પાણી પણ નહીં

વડોદરા રેલવે પાર્સલ વિભાગમાં સુવિધાઓનો અભાવ, આક્રોશ

7 દિવસમાં માંગ નહીં સંતોષાય તો પાર્સલ સેવા બંધ કરવાની ચીમકી

(પ્રતિનિધિ)વડોદરા,તા.13 એક તરફ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રેલવે પાર્સલ સેવાનો વ્યાપ વધારવા સતત અપીલ થઈ રહી છે. ત્યારે, વડોદરા રેલવેના જ પાર્સલ વિભાગમાં પાયાની સુવિધાઓના અભાવે લીઝ હોલ્ડરો અને ગ્રાહકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. લીઝ હોલ્ડરોનો આક્ષેપ છે કે છેલ્લા લાંબા સમયથી તેઓ અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. બે મહિના અગાઉ પણ પડતર માંગણીઓને લઈને હડતાલ કરવામાં આવી હતી, પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ યોગ્ય નિરાકરણ લાવવામાં આવ્યું નથી. અધિકારીઓ દ્વારા રજૂઆતોને નજરઅંદાજ કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી છે. લીઝ હોલ્ડરોના જણાવ્યા અનુસાર, રેલવેના ઉચ્ચ અધિકારીઓની ઓફિસોમાં પંખા અને એસી જેવી તમામ સુવિધાઓ સજ્જ છે. પરંતુ જ્યાં ગ્રાહકો અને મજૂરો કામ કરે છે તે પાર્સલ ઓફિસ ખાતે ધોમધખતા તાપમાં પીવાના પાણીની સુવિધા કે બેસવાની યોગ્ય વ્યવસ્થા સુધ્ધા ઉપલબ્ધ નથી. લીઝ હોલ્ડર એસોસિએશનના પ્રમુખ ગોપાલભાઈએ

આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, જો સાત દિવસમાં પાર્સલ વિભાગમાં પંખા, ઠંડા પાણી અને બેસવાની વ્યવસ્થા જેવી માંગણીઓ પૂરી કરવામાં નહીં આવે તો, સાત દિવસ માટે પાર્સલ ઓફિસ અને ડિલિવરી સેવાઓ સંપૂર્ણપણે બંધ કરી વિરોધ નોંધાવવામાં આવશે. વેપારીઓ અને ગ્રાહકોએ માંગ કરી છે કે વડાપ્રધાનના ડિજિટલ અને આધુનિક ઈન્ડિયાના સપના વચ્ચે રેલવે પાર્સલ સેવાને પણ સુવ્યવસ્થિત અને જનહિતકારી બનાવવામાં આવે. ભર ઉનાળે મજૂરો અને ગ્રાહકોને પાયાની સુવિધા ન મળવી એ તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે.

એબ્સન્ટ દર્શાવાતા વિદ્યાર્થીઓની ફેકલ્ટી ડીનને રજૂઆત

આર્ટસ ફેકલ્ટીમાં પરિણામોમાં ટેક્નિકલ છબરડાને લઈ વિદ્યાર્થીઓનો વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 એમએસયુની આર્ટસ ફેકલ્ટીમાં પરિણામોમાં થયેલા ટેકનિકલ છબરડાને લઈને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી સંગઠનો દ્વારા ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો. પરીક્ષા આપવા છતાં પણ પરિણામમાં નોટ એલિજિબલ અને એબ્સન્ટ દર્શાવવામાં આવતા વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ અને એએસયુ સંગઠનના પ્રતિનિધિઓ આર્ટસ ફેકલ્ટીના ડીન ડો. કલ્પના ગવલી સમક્ષ રજૂઆત કરવા પહોંચ્યા હતા. વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે યુનિવર્સિટીના વહીવટી તંત્રની બેદરકારીના કારણે ઘણા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોવા છતાં તેમના પરિણામમાં ગેરહાજર અથવા એનઈ દર્શાવવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, આ પ્રકારની ગંભીર ભૂલોના કારણે તેઓ આગામી એક્સટર્નલ પરીક્ષાઓ આપી શકશે નહીં, જેના કારણે તેમનું આખું શૈક્ષણિક વર્ષ બગડવાની ભીતિ ઉભી થઈ છે. વિદ્યાર્થીઓએ તાત્કાલિક પરિણામોમાં સુધારો કરી યોગ્ય ન્યાય આપવા માંગ કરી હતી. સમગ્ર મામલે ડીન ડો. કલ્પના ગવલીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટી પ્રશાસન આ મુદ્દે ગંભીર છે અને કોઈ પણ પાત્ર વિદ્યાર્થી પરીક્ષાથી વંચિત રહેશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે કેટલીકવાર ડેટા એન્ટ્રી અથવા ફોર્મ ભરવામાં થયેલી ભૂલોના કારણે આવી સ્થિતિ સર્જાતી હોય છે. હાલમાં તમામ કેસોની તપાસ ચાલી રહી છે અને વહેલી તકે જરૂરી સુધારા કરવામાં આવશે. વિદ્યાર્થી સંગઠનોએ જો તાત્કાલિક પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હાલ યુનિવર્સિટી દ્વારા સમગ્ર મામલે ટેકનિકલ તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

મધ્યમવર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત : રામધૂન બોલાવી

સાયન્સ ફેકલ્ટીમાં BCAની બેઠકો અડધી અને ફી ડબલ સામે ABVPનું હલ્લાબોલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં બીસીએની પ્રવેશ પ્રક્રિયાને લઈને શિક્ષણ જગતમાં ભારે હોબાળો મચી ગયો છે. બીસીએ ડિપાર્ટમેન્ટમાં બેઠકોમાં 50%નો ઘટાડો અને તોતિંગ ફી વધારા સામે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે હલ્લાબોલ કર્યું હતું.

છેલ્લા 5 વર્ષથી બીસીએમાં 240 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો હતો, પરંતુ આ વર્ષે સત્તાધીશો દ્વારા અચાનક બેઠકોની સંખ્યા ઘટાડીને માત્ર 120 કરી દેવામાં આવી છે. સાથે જ ફીમાં પણ મસમોટો વધારો ઝીંકી દેવાતા વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો છે. આ નિર્ણયના વિરોધમાં એબીવીપીના કાર્યકર્તાઓ સાયન્સ ફેકલ્ટીના ડીન સમક્ષ રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે, ડીન હાજર ન રહેતા આક્રોશિત કાર્યકર્તાઓ ડીન ઓફિસ ખાતે જ ધરણા પર બેસી ગયા હતા અને રામધુન બોલાવી હતી. કાર્યકર્તાઓએ સૂત્રોચ્ચાર કરીને યુનિવર્સિટી પ્રશાસન સામે વિરોધ નોંધાવ્યો હતો. એબીવીપીના અધ્યક્ષ વેદ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષથી જે પદ્ધતિ અમલમાં હતી અને 240 વિદ્યાર્થીઓને જે રીતે પ્રવેશ મળતો હતો, તેને જ યથાવત રાખવી જોઈએ. બેઠકો અડધી કરી દેવાથી અને

ફીમાં વધારો કરવાથી મધ્યમવર્ગીય તેજસ્વી વિદ્યાર્થીઓના ભાવિ પર જોખમ ઊભું થયું છે. એબીવીપીએ ચીમકી ઉચ્ચારી કે, જ્યાં સુધી ડીન રૂબરૂ આવીને ખાતરી નહીં આપે ત્યાં સુધી ધરણા ચાલુ રાખવામાં આવશે. જો માંગ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે સરકારી યુનિવર્સિટીમાં અચાનક ફી વધારો અને બેઠકો ઘટાડવી એ શિક્ષણના વ્યાપારીકરણ તરફનું પગલું છે.

શનિવારી અમાસે સ્તંભેશ્વર તીર્થમાં શ્રદ્ધાનું ઘોડાપૂર ઉમટશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 દક્ષિણ ગુજરાતના સોમનાથ તરીકે જાણીતા અને અનેક દિવ્યતાઓને પોતાનામાં સમેટીને બેઠેલા કાવી-કંબોઈ સ્થિત સ્તંભેશ્વર તીર્થ ખાતે આગામી શનિવારે આસ્થાનો મહાસાગર લહેરાશે. વર્ષ 2026 ની આ પ્રથમ 'શનિશ્ચરી અમાસ' (ભાવુકા અમાસ) હોવાથી, અહીં લાખોની સંખ્યામાં શિવભક્તો દર્શનાર્થે ઉમટી પડે તેવી શક્યતા છે. શાસ્ત્રોમાં આ દિવસને સ્નાન-દાન માટે મહાપર્વ સમાન ગણાવ્યો છે. જંબુસર તાલુકાથી આશરે 30 કિલોમીટર દૂર આવેલું આ તીર્થધામ ભૌગોલિક રીતે અત્યંત વિશિષ્ટ છે. અહીં મહિસાગર, સાબરમતી, મેશ્વો, ખારી, ચંદ્રભાગા, શેઢી, વાત્રક અને હાથમતી જેવી પવિત્ર આઠ નદીઓનો અરબી સમુદ્ર (ખંભાતનો અખાત) સાથે સંગમ થાય છે. આ પવિત્ર સંગમ સ્થાને સાક્ષાત્ દેવોના દેવ મહાદેવ શંકરનો વાસ હોવાનું મનાય છે.

3 દિવસથી MGVCLની કામગીરીથી સ્થાનિકો પરેશાન

ઉંડેરાના પ્રભુનગરમાં જીવંત વીજ વાયર તૂટી પડતાં જમીન પર આતશબાજી, લોકોમાં ફફડાટ

ભર ઉનાળે લાઈટ વિના રોષ, સ્થાનિક રહીશોમાં જાનહાનિનો ભય

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. 8માં આવેલા ઉંડેરાના પ્રભુનગર વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી એમજીવીસીએલની નબળી કામગીરીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મધરાત્રે જીવંત વીજ વાયર વારંવાર તૂટી પડતા વિસ્તારમાં આતશબાજીના દ્રશ્યો સર્જાયા હતા. જેના કારણે લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા 3 દિવસથી જીવંત વીજ વાયર અવારનવાર તૂટી રહ્યા છે. વાયર તૂટતા જ ભયંકર આતશબાજી થાય છે અને તણખા ઉડે છે. સાંકડી શેરીઓ અને બાળકોની અવરજવર વચ્ચે જાનહાનિનો ભય સતત સતાવી રહ્યો છે. એક તરફ ભર ઉનાળાની કાળઝાળ ગરમી અને બીજી તરફ વારંવાર વીજ પુરવઠો ખોરવાતા લોકો લાઈટ વિના પરેશાન થઈ ગયા છે. પંખા-એસી બંધ, પાણીની તકલીફ અને રાત્રે અંધારપટને કારણે રહીશોની હાલત કફોડી બની છે. એમજીવીસીએલના કામની ગુણવત્તા સામે સ્થાનિક લોકોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. લોકોનું કહેવું છે કે, ફરિયાદ કરીએ તો કામચલાઉ સમારકામ કરીને જતા રહે છે. 2 કલાકમાં પાછા એ જ હાલ. જીવંત વાયર તૂટે તો કોઈનો જીવ જશે તેની જવાબદારી કોણ લેશે? નાગરિકોએ માંગ કરી છે કે તાત્કાલિક કાયમી નિરાકરણ લાવે અને સળગતા વાયર-પોલ તાત્કાલિક બદલે. નહીં તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે. જોકે, તાત્કાલિક વીજ કંપનીની ટીમો ઘટના સ્થળે આવી પહોંચી હતી અને કામગીરી શરૂ કરી હતી.

વીઆઈપી રોડ પર લો વોલ્ટેજથી એસી પંખા ઠપ્પ

દિવસેને દિવસે ગરમીનો પારો વધી રહ્યો છે. ત્યારે વડોદરા શહેરના મોટા ભાગના વિસ્તારોમાં હાઈ અને લો વોલ્ટેજ ના કારણે AC અને પંખા પણ ચાલતા નથી. ત્યારે ગત રાત્રિએ 2:19 મિનિટે કારેલીબાગ, વીઆઈપી રોડ ખાતે આવેલ બ્રહ્માનગર સોસાયટીના વીજ તારમાં સ્પાર્ક થવાને કારણે વીજળી ગુલ થઈ હતી. જેના કારણે મંગલાપાર્ક સોસાયટી, ધનંજય પાર્ક સોસાયટી, માણેકપાર્ક સોસાયટી, પ્રેસ કોલોની અને સુવિધાપાર્ક સોસાયટી માં કલાકો સુધી લાઈટો બંધ રહેતાં લોકોને ગરમીને કારણે ભારે હાલાકી ભોગવવી પડી હતી.

ડભોઈ રોડ પરથી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેડ કરતા એક શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસે તપાસ દરમિયાન આરોપીના કબ્જામાંથી અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની બોટલો અને બીયરના ટીન મળી 289 નંગનો જથ્થો કબ્જે કર્યો હતો. ઉપરાંત એક મોબાઈલ ફોન અને મોપેડ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસે રૂ.1.56 લાખનો મુદ્દામાલ કબ્જે કરી પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. ઝડપાયેલા આરોપીની ઓળખ સાહિલ મંગળભાઈ બારીયા (રહે. બાબુભાઈની ચાલી, સમૃદ્ધિ સાફલ્ય કોમ્પ્લેક્ષ પાસે, મહાનગર વુડાના મકાન સામે, ડભોઈ રોડ, વડોદરા તરીકે થઈ છે. જ્યારે મનોજ રાજુભાઈ લાકડીવાલા અને અમરસિંગ ઉર્ફે પાપે સરદારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

ઓન-સ્ક્રીન માર્કિંગથી ઉત્તરવહી તપાસાઈ

વડોદરા શહેરનું ધો.12 CBSEનું 85%થી વધુ પરિણામ, વિદ્યાર્થિનીઓએ બાજી મારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશને ધોરણ 12નું પરિણામ જાહેર કર્યું છે. આ વર્ષે કુલ 85.20% વિદ્યાર્થીઓ પાસ થયા છે, જે ગયા વર્ષ કરતા 3% ઓછું છે. પરિણામની આતુરતાથી રાહ જોતા લાખો વિદ્યાર્થીઓ માટે આજનો દિવસ મહત્વનો રહ્યો હતો.

આ વર્ષે ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને ઉત્તરવહીઓ તપાસવામાં આવી હતી. ડિજિટલ પદ્ધતિથી મૂલ્યાંકન વધુ પારદર્શક અને ઝડપી બન્યું હોવાનું બોર્ડનું માનવું છે. ઉમેદવારો વેબસાઈટ પર પોતાના પરિણામ મેળવી શકે છે. જો વિદ્યાર્થીઓના મોબાઈલ ફોન પર ઈન્ટરનેટની સુવિધા ન હોય અથવા સર્વર ડાઉન હોય, તો તેઓ એસએમએસ કરીને પણ વિષયવાર ગુણ સાથે પરિણામ મેળવી શકે છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે, ઓનલાઈન જાહેર કરાયેલા સીબીએસઈ પરીક્ષાના સ્કોરકાર્ડ પ્રોવિઝનલ રહેશે. વિદ્યાર્થીઓએ તેમની મૂળ માર્કશીટ પોતાની સ્કૂલમાંથી જ મેળવવાની રહેશે. સીબીએસઈએ આ વર્ષે પણ કોઈ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે નહીં તેવી સ્પષ્ટતા કરી છે. સીબીએસઈ બોર્ડ મેરિટ લિસ્ટ જાહેર કરતું નથી. વધુમાં, પરિણામોમાં કોઈ ટોપર પણ જાહેર કરવામાં આવતા નથી.



નવરચના સ્કૂલ સમાનું CBSE ધો.12માં શાનદાર પરિણામ

વડોદરાની નવરચના હાયર સેકન્ડરી સ્કૂલ, સમાના સીબીએસઈ ધોરણ 12ના વિદ્યાર્થીઓએ 2025-2026ની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. કુલ 215 વિદ્યાર્થીઓમાંથી 72 વિદ્યાર્થીઓએ 90%થી વધુ અને 194 વિદ્યાર્થીઓએ 70%થી વધુ માર્ક્સ મેળવ્યા છે. આયુષી શ્રીવાસ્તવ સ્કૂલ ટોપર હ્યુમનિટિઝની આયુષી શ્રીવાસ્તવ 98.8% સાથે સ્કૂલ ટોપર બની છે. સ્ટ્રીમવાઈઝ ટોપર્સમાં કોમર્સમાં મન્નત એઈચ 98% અને સાયન્સમાં ત્રિશા હેમાંગ શાહ 97% સાથે પ્રથમ રહ્યા છે. 37 વિદ્યાર્થીઓએ 100માંથી 100 ગુણ મેળવ્યા છે.

મનિત જૈન | શ્રીપાલ વીન | શ્રીવા નટુ

બાપુનગર વિસ્તારમાં થયેલા ઝઘડામાં બંને પક્ષમાંથી 5 આરોપીઓની અટકાયત

કલાલીમાં ઉધમ મચાવનારને પોલીસે કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.13 કલાલી વિસ્તારમાં આવેલા બાપુનગર ખાતે મંગળવારે મધરાતે બે જૂથ વચ્ચે થયેલા ઝઘડાના મામલે અટલાદરા પોલીસે બંને પક્ષની સામસામે ફરિયાદ નોંધી ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ગણતરીની કલાકોમાં તમામ આરોપીઓને ઝડપી પાડી અટકાયત કરી હતી. સાથે જ આરોપીઓને જાહેરમાં કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી કાયદાનું ભાન પણ કરાવ્યું હતું.

પ્રથમ ફરિયાદ મુજબ શ્રીજીનગર કલાલી ખાતે રહેતા રોહિત નટવરભાઈ માળીએ આરોપી દેવા રણજીત સોલંકી, નિકુંજ રણજીત સોલંકી અને રણજીત સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી કે, ખિસકોલી સર્કલ પાસે આવેલી ડીલક્ષ પાનની દુકાન નજીક મજાક-મસ્તીના મુદ્દે

અદાવત રાખી આરોપીઓએ રોહિત તથા તેના મિત્ર અજય માળી સાથે ઝઘડો કર્યો હતો. દરમિયાન લાકડી વડે હુમલો કરી માથા અને હાથના ભાગે ઈજાઓ પહોંચાડવામાં આવી હતી.બીજી તરફ દેવા રણજીતભાઈ સોલંકીએ પણ રોહિત માળી સહિત છ લોકો સામે સામસામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપીઓએ ફોન કરીને બોલાવી ગાળો આપી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. લાકડાના દંડાથી હુમલો કરી દેવા, તેના ભાઈ નિકુંજ, પિતા રણજીતભાઈ તેમજ ઈલાબેન સોલંકીને ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. સાથે જ ધમકીઓ આપી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરાયો હોવાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. જેથી બંને પક્ષના 5 આરોપીઓની અટકાયત કરી અટલાદરા પોલીસે કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી કાયદાનુ ભાન પણ કરાવ્યુ હતુ.

ગેંગનો વધુ એક સાગરીત ઝડપાયો

સસ્તામાં સોનુ અને 10 કરોડની લોનના નામે રૂ.4.92 કરોડની ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 વડોદરા શહેરમાં સસ્તા ભાવે સોનુ અપાવવાની અને રૂ.10 કરોડની લોન મંજૂર કરાવવાની લાલચ આપી કરોડોની ઠગાઈ કરનાર ગેંગ સામે ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી હાથ ધરી છે. કેસમાં સંડોવાયેલ વધુ એક ફરાર આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે વડોદરા રેલવે સ્ટેશન પાસેથી ઝડપી પાડ્યો છે.

શહેરમાં ફરાર અને નાસતા ફરતા આરોપીઓ સામે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સઘન શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે અલ્કેશ દીલીપરાવ ચીખલે (રહે. કારેલીબાગ, વડોદરાને વડોદરા રેલવે સ્ટેશન નજીકથી ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આરોપી વર્ષ-2025માં નોંધાયેલા કરોડોની ઠગાઈના ગુનામાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું હતું અને તે લાંબા સમયથી

પોલીસથી બચવા ફરાર હતો. પોલીસ તપાસ મુજબ આરોપીઓએ સીગ્નેટ હબ અને એટલાન્ટિક હાઈટ્સ, ગેંડા સર્કલ ખાતે આવેલી રાધે એન્ટરપ્રાઈઝ ઈમ્પોર્ટ એક્સપોર્ટ એન્ડ ફાયનાન્સ ઓફિસ મારફતે ઓછી કિંમતે સોનુ અપાવવાનો વિશ્વાસ અપાવ્યો હતો. સાથે જ રૂ.10 કરોડની લોન અપાવવા માટે કમિશન અને એડવાન્સના નામે રૂપિયા માંગવામાં આવ્યા હતા. આરોપીઓએ સસ્તુ સોનુ અપાવવાના બહાને રૂ.4.61 કરોડ અને લોન પ્રક્રિયા માટે રૂ.31 લાખ મેળવી રૂ.4.92 કરોડ પડાવી લીધા હતા. જોકે બાદમાં ન તો સોનુ આપવામાં આવ્યું અને ન લોન અપાવવામાં આવી હતી.

બ્રાઈટ ડે સ્કૂલ, વાસણા 100% પરિણામ

બ્રાઈટ ડે સ્કૂલ, સી.બી.એસ.ઈ. યુનિટ, વાસણા વિભાગ સીબીએસઈનું જાહેર થયેલ ધોરણ 12 નું 100 ટકા પરીણામ આવ્યું છે. ધોરણ 12 સાયન્સમાં 94.20% સાથે ધ્યાના જોશી અને હેતા શાહે શાળામાં પ્રથમ સ્થાન મેળવેલ છે. ધોરણ 12 કોમર્સ માં 96.80% સાથે પઠાણ મુકદ્દસખાન એ શાળા માં પ્રથમ સ્થાન મેળવેલ છે. ધોરણ 12 આર્ટસ માં 97.80% સાથે વિદિત પટેલ એ શાળા માં પ્રથમ સ્થાન મેળવેલ છે. શાળામાં 132 વિદ્યાર્થીઓ પરિક્ષામાં બેઠા હતા. જેમા 36 વિદ્યાર્થીઓ 90% થી વધુ, 41 વિદ્યાર્થી ઓના 80% થી વધુ, 27 વિદ્યાર્થી ઓના 70% થી વધુ, 28 વિદ્યાર્થી ઓના 60 % થી વધુ ટકા મેળવ્યા છે. બ્રાઈટ મેનેજમેન્ટ, શિક્ષકગણ, આચાર્ય તેમજ વાલીગણ તરફ થી તમામ વિદ્યાર્થી ઓને તેમની અભૂતપૂર્વ સિધ્દી માટે હાર્દિક અભિનંદન પાઠવે છે.

નવરચના ઈન્ટર. સ્કૂલનું CBSE ધો.12માં ઝળહળતું પરિણામ

નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલ, વડોદરાએ CBSE ધોરણ 12નું 2025-26નું પરિણામ જાહેર કર્યું છે. શાળાના મનિત જૈન 96.60% સાથે સ્કૂલ ટોપર બન્યા છે. કુલ 55 વિદ્યાર્થીઓમાંથી 9 વિદ્યાર્થીઓએ 90% અને તેથી વધુ, જ્યારે 37 વિદ્યાર્થીઓએ 70%થી વધુ માર્ક્સ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આચાર્યા કાશ્મીરા જયસ્વાલ જણાવ્યું કે, અમને અમારા વિદ્યાર્થીઓની સિદ્ધિઓ પર અપાર ગર્વ છે.

નિર શાહ | દ્રિતી ગાંધી | નિધીષ શેટ્ટીગર



નવરચના વિદ્યાની વિદ્યાલયનું CBSE ધો.12માં 100% પરિણામ

નવરચના વિદ્યાની વિદ્યાલય, વડોદરાએ CBSE ધોરણ 12ની AISSCE 2025-2026 પરીક્ષામાં 100% પરિણામ મેળવી શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. ધોરણ 12માં એન્ટરપ્રિન્યોરશિપમાં 3 વિદ્યાર્થીઓએ અને બિઝનેસ સ્ટડીઝ, સાયકોલોજી તથા કોમર્શિયલ આર્ટમાં 2-2 વિદ્યાર્થીઓએ 100માંથી 100 ગુણ મેળવ્યા છે.